# કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક વસો ખાતે યોજાયેલ નવમો વાર્ષિક દિન ઉજવણી કાર્યક્રમ "વસોધરા – ૨૦૨૩"

તારીખ ૦૩ જૂન નાં રોજ કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, વસો ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટી ના માનનીય કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયા ના પ્રમુખપદે નવમો વાર્ષિક દિન "વસોધરા – ૨૦૨૩" ઉજવણી નો કાર્યક્રમ યોજાયેલ. આ વાર્ષિક દિન ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે એગ્રી એન્ટેરપ્રેન્યોર અને સોશિયલ વર્કર શ્રી દિનેશભાઈ પટેલ,અતિથિવિશેષ તરીકે ભૂતપૂર્વ ડીનશ્રી(કૃષિ) તથા મેમ્બર ઓફ બોર્ડ ઓફ મેનેજમેન્ટ ના ડૉ. કે.પી.પટેલ તથા યુનિવર્સિટીનાં અધિકારીશ્રીઓ તેમજ વસો, રામપુર, બામરોલી અને પલાણા ગામના શ્રેષ્ઠીઓ અને આગેવાનો, દાતાશ્રીઓ એ હાજર રહી પ્રસંગ ને દિપાવ્યો હતો.

કાર્યક્રમની શુભ શરૂઆત કૃષિ કોલેજ તથા કૃષિ પોલીટેકનીકના આચાર્યશ્રી તથા યુનિટ વડા શ્રી ડૉ વી.પી.રામાણી દ્વારા આમંત્રિત મહાનુભાવોનું તથા સર્વે ઉપસ્થિત પ્રાધ્યાપક ગણ તથા વિદ્યાર્થી મિત્રોનું શાબ્દિક સ્વાગતથી કરેલ. આ વાર્ષિક દિન ઉજવણી કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન વિવિધ રમત-ગમત તથા સાંસ્કૃતિ પ્રવૃતિઓમાં ભાગ લઇ વિજેતા બનનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ને તથા "સ્ટુડન્ટ ઓફ ધ યર", "સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર" ને પણ ઇનામ વિતરણ કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ. ઉપરાંત, આમંત્રિત મહાનુભાવો એ પોતાના વ્યક્તવ્ય દ્વારા ગ્રેજ્યુએશન પુર્ણ કરનાર બંન્ને કોલેજની બેચ ને ઉત્તમ કારકીર્દી માટે માર્ગદર્શન, આર્શીવચન આપી અભિનંદન પાઠવેલ.

કૃષિ પ્રધાન દેશમાં કૃષિ ક્ષેત્રે ઉજ્જ્વળ કારકિંદી અર્થે અભ્યાસ કરતા વિર્ધાર્થીઓને ઉત્સાહ અને પ્રેરણા મળી રહે તે હેતુ આણંદ કૃષિ યુનિવર્સિટી તેજસ્વી વિદ્યાર્થીઓને વિવિધ ચંદ્રકો દ્વારા નવાજે છે, કૃષિ કોલેજ અને કૃષિ પોલીટેકનીક વસોના તેજસ્વી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા વિવિધ દાતાઓ સર્વેશ્રી ડૉ. જાગૃતિ શ્રોફ (આણંદ), શ્રી ગીરીશભાઈ પટેલ(ગાંધીનગર),શ્રી પરેશભાઈ રમણભાઈ અમીન,વસો (હાલ યુએસએ) ,ડૉ.કે.પી.કીકાણી (સુરત),શ્રી અનિલભાઈ જે.પેટેલ (યુએસએ),શ્રી નરેન્દ્રભાઈ જે.પટેલ(યુએસએ),શ્રી કાંતિભાઇ સી.પટેલ( હિંમતનગર),શ્રી દિનેશભાઈ પટેલ (અમદાવાદ),શ્રી કાંતિભાઈ નારસિંભાઈ માધાણી(વલ્લભવિધાનગર) દ્વારા વિવિધ વિષયોમાં ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ માટે અનુદાન કરેલ. આચાર્યશ્રી ડૉ. વી.પી.રામાણીએ સર્વ દાતાશ્રીઓનો આભાર માનેલ તથા મા.કુલપતિશ્રી ડૉ કે.બી. કથીરિયાએ સર્વ દાતાશ્રીઓનું શાલ ઓઢાળી સન્માન કરેલ.

કાર્યક્રમનાં અંત માં કૃષિ કોલેજના ના એસ.આર.સી. ચેરમેનશ્રી ડૉ. પ્રતિક પંચાલ દ્વારા કાર્યક્રમની સફળતા માટે લીધેલ ભારે જેહમત બદલ સૌનો હદયપૂર્વક આભાર વ્યકત કરેલ અને રાષ્ટગાન સાથે નવમાં વાર્ષિક દિન "વસોધરા – ૨૦૨૩" ની ઉજવણી કાર્યક્રમની પૂર્ણાહુતિ થયેલ.

વધુમાં, આ બે દિવસીય વાર્ષિક દિન ઉજવણી ના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ નો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિવિધ સ્પર્ધાઓ જેવી કે એક મિનિટ, અંતાક્ષરી, ડમશેરાડ, ખાટ પે બાત, સિંગીગ, ડાન્સીંગ, ફેશન–શો વગેરે નું આયોજન થયેલ જેમાં બંન્ને કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ એ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. ઉપરાંત વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ રંગોલી, ગરબા, સુશોભનના કાર્યક્રમમાં પણ ખુબ જ રસપૂર્વક ભાગ લીધેલ. સદર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ "આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ" અને "G20" થીમ આધારિત " ક્રિએટીવ કોર્નર" આકર્ષણનું કેન્દ્ર બનેલ.

## કાર્યક્રમની ઝાંખી


MILLETS
COLLEGE OF AGRICULTURE & POLYTECHNIC IN AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, VASO
9th Annual Day Celebration
2k23
Golden Sponsors
Event Sponsors


BOOK RELEASE
Vasodhara
Placement Brochure
Golden Sponsors


MILLETS
COLLEGE OF AGRICULTURE & POLYTECHNIC IN AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, VASO
9th Annual Day Celebration
Golden Sponsors
Event Sponsors


RICULTURE & POLYTECHNIC IN AGRICULTURE
AGRICULTURAL UNIVERSITY, VASO
Annual Day Celebration
Golden Sponsors
Dr. M. K. Jhala


2k23
Golden Sponsors
2k23
Golden Sponsors


2k23
Golden Sponsors
SAGA
SHAKTI
Scientific Co.
Event Sponsors


2k23
Golden Sponsors
SAGA


2k23
Golden Sponsors
SAGA


G20

*******